હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, હવે ઈંડા વેચવાનું બંધ છે... હવે ફક્ત મરઘા જ વેચીશું....!!!

અત્રિ તપોવનમાં સંસ્કૃત પ્રશિક્ષણ શિબિરનો આરંભ

ગાંધીનગર તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલી અત્રિ તપોવન શાળામાં આજથી એક સપ્તાહ માટેની સંસ્કૃત પ્રશિક્ષણ શિબિરનો આરંભ થયો છે. એક સપ્તાહ સુધી ઓરિસ્સાથી આવેલા સંસ્કૃત ભાષાના તજજ્ઞો વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વાર્તાલાપ અને ભાષાની ગહનતા ઉપર વિવિધ સત્રોમા સમજ આપશે.

પ્રસ્તુત સાપ્તાહિક શિબિરને ખુલ્લી મુકતા સચિવશ્રી, ગુજરાત પ્રેસ અકાદમી પુલકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સંસ્કૃત ભાષામા અદભુત શક્તિ અને સામર્થ્ય રહેલું છે. સંસ્કૃત ભાષા આપણા દેશની આગવી ઓળખ છે.

ઓરિસ્સાથી આવેલા ડો. વિપિવિહારી શતપતિએ સંસ્કૃત ભાષાની રસળતા વિશે વિગતે વાત કરી હતી. લોકભાષા પ્રચાર સમિતિ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી ભરતભાઈ હુમ્મરે સંસ્કૃત ભાષાના પ્રચાર માટે ગુજરાતમાં થઈ રહેલા પ્રયાસોની રૂપરેખા આપતા પધારશે.

આ પ્રસંગે સંસ્કૃત તજજ્ઞ યામીનીબહેન વ્યાસ, ઓરિસ્સાથી આવેલા વિભૂતિનારાયણજી, અશોકકુમારજીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

દેવ ઉઠી એકાદશીના પાવન દિને ગાંધીનગરમાં અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયાં હતા. શહેરના વાવોલ વિસ્તારમાં 'ક' રોડ પર શાંતિવન સોસાયટી પાસેના જોગણી માતાના મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાવોલના કોંગ્રેસના અગ્રણી તથા વૈદેહી ગૃપના જાણીતા બિલ્ડર દેવેન્દ્રસિંહ ગોલ ઉર્ફે દેવુભા ઉપરાંત સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ તેમજ આસપસની સોસાયટીના વસાહતીઓએ ઉપસ્થિત રહી આહુતિ-હોમ તેમજ દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો. આ હવનમાં વાવોલના ગાયત્રી પરિવારના સભ્યોએ વૈદિક વિધિ-વિધાનની સેવા પુરી પાડી હતી.

સાદરા સંકુલમાં લાભપાંચમે સમૂહ ભોજન કરાયું

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ. વિભાગના કાર્યાલય સેવકો અને સલામતી સેવકો સાથે મળીને કુલ ૨૫ સેવકોએ સમૂહ ભોજન કરી લાભપાંચમે નૂતન વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. ડૉ. નયનેશ વસાવા, આશવ શાહ અને પ્રદીપ રાઓલે આયોજન કર્યુ હતુ. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ અને ડિન જગદીશચંદ્ર સાવલીયા ઉપસ્થિત રહી સૌ સેવકોને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

અમદાવાદમાં ફરી ટેસ્ટિંગ ડોમ ઊભા કરાયા

અમદાવાદ, તા.૧૪

રાજયમાં છેલ્લા બે દિવસથી કોરોના વાયરસના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. વધી રહેલા કેસને લઈ આરોગ્ય વિભાગ સહિત તંત્ર સતર્ક થઈ ગયું છે. તો બીજી બાજુ અમદાવાદ શહેરમાં કોરોનાના કેસ વધતા કોર્પોરેશન દ્વારા પાછા કોરોના ટેસ્ટિંગ ડોમ ફરીથી ઉભા કરાયા હોવાની માહિતી મળી રહી છે. કોરોના કેસમાં ઉછાળો આવતા અમદાવાદમાં મનપાનું આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયું છે.

લગ્નસરાની મોસમ નિખરતા એસજી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો

એકબાજુ કામ ચાલુ હોવાના લીધે ડાયવર્ઝનના લીધે પણ ટ્રાફિકની અવરજવર મંદ : રજાના શનિ રવિવારના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં સતત ટ્રાફિકનો ધમધમાટ

ગાંધીનગર તા ૧૪

દિવાળી પર્વ બાદ હવે લગ્નસરાની મોસમ નિખરી રહી છે. દેવ ઉઠી અગિયારસની સાથે હવે લગ્નના મુહુર્તો શરૂ થઈ જતા આજે શહેર તેમજ આસપાસના ઘણાં પાર્ટી પ્લોટસમાં ગરબાના આયોજનના લીધે ભારે ભીડ જોવા મળી હતી. એસ જી હાઈવે પર ચિલોડા સરખેજ પ્રોજેકટને અનુલક્ષીને હજુ કામ ચાલુ હોવાથી અનેક ઠેકાણે કામ ચાલી રહ્યુ છે. ત્યારે ટ્રાફિકની અવરજવરમાં પણ કેટલાક ઠેકાણે અવરોધ ઉભા થયા છે. આ સ્થિતિ વચ્ચે દિવાળી પર્વના અંતે લગ્નસરાની મોસમ તેમજ સોશિયલ કોલ્સ પર જનારાઓની વિશેષ અવરજવર રહેતા આજે દિવસ દરમિયાન આ વિસ્તારમાં ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

આજે દેવ ઉઠી એકાદશીની સાથે લગ્નના મુહુર્તો શરૂ થઈ ગયા છે. જયારે તા ૧૫ થી ૧૭ દરમિયાન વિશેષ મહુર્તો છે. જેના લીધે રાસ ગરબા સહીતના કાર્યક્રમોનુ પણ સેકટરો તેમજ આસપાસના પાર્ટી પ્લોટમાં વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. લગ્નસરાની મોસમ નિખરતા જનજીવનમાં વિશેષ ચહેલ પહેલ જોવા મળે છે. રાસ ગરબાના આયોજન અન્વયે એસ જી હાઈવે પર સ્થિત પાર્ટી પ્લોટ માં પણ ભીડ જોવા મળે છે. બીજીતરફ દિવાળી પર્વના અંતે સોમવારથી ઓફિસો રાબેતા મુજબ શરૂ થઈ જશે જેથી આ પુર્વેના શનિ રવિની રજાના દિવસોમાં નગરજનોએ સોશિયલ કોલ્સ પર જવાનો વિશેષ આગ્રહ રાખતા આજે એસ જી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. એસ જી હાઈવે પર આમ પણ આડા દિવસોમાં પણ ટ્રાફિકનો સતત ધમધમાટ રહે છે ત્યારે શનિ રવિની રજાના દિવસોમાં માર્ગ પર સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. સાંજના સમયે પણ વિવિધ જંકશન પર ટ્રાફિક જામ રહ્યો હતો. જયારે આજે કોબા એરપોર્ટ માર્ગ પર પણ ટ્રાફિક જામ રહ્યો હતો. જો કે આ માર્ગ પર સ્વામિનારયણ ધામથી ડાયવર્ઝન આપવામાં આવ્યુ હતુ. માર્ગની કામગીરીના લીધે ડાયવર્ઝન અપાતા સાંકડા સર્વિસ માર્ગ પર વાહનોની કતાર જામી હતી. સર્વિસ રોડ પર ટ્રાફિકનુ ભારણ વધતા સાંજના સમયે પણ સતત વાહનોનો ધમધમાટ જોવા મળ્યો હતો. શહેરમાં છેલ્લા એક મહીનાથી ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જેમાં દિવાળીના પર્વ દરમિયાન પણ નગરના મુખ્યમાર્ગો સહીત ગાંધીનગર અમદાવાદને જોડતા રસ્તાઓ પર વિશેષ ટ્રાફિક રહ્યો હતો. જયારે હવે લગ્નસરાની સિઝન નિખરતા શહેર આસપાસના વિસ્તારમાં પાર્ટી પ્લોટના લીધે એસ જી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો હવે સામાન્ય થઈ ગયા છે. ચિલોડા સરખેજ હાઈવેની કામગીરીને અનુલક્ષી હજુ કેટલાક ઠેકાણે ફ્લાય ઓવર સહીતનુ કામ બાકી છે. જેના લીધે ટ્રાફિક ડાયવર્ઝનના લીધે પણ અવરોધ ઉભા થયા છે. આ સ્થિતિ વચ્ચે ટ્રાફિકની અવરજવર સરળતા પુર્વક થતી નથી.

વડનગરા નાગર મંડળ નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

તારીખ ૧૩ ૧૧ ૨૦૦૧ ૨૦ ને શનિવારે સાંજે સેક્ટર૨૪ ના રંગમાં ખાતે શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જેમાં વડીલ વંદના, મંડળનાં ૫૦ માં વર્ષ ના પ્રવેશ હોવાથી ગુજરાતના ખ્યાતનામ કલાકારો શ્રી સલિલ મહેતા, દિવ્યાંગ અંજારિયા , કલ્યાણી કૌઠાળકર અને સાજીંદાઓ દ્વારા અતિ કાર્યક્રમ રજુકરવા માં આવેલ. આ કાર્યક્રમમા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઊપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સમિતિ સભ્યો ભારે જહેમત ઉઠાવી હતી.

પ્લાસ્ટીકની થેલીઓના વપરાશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે પરંતુ હજુ તેનો વપરાશ છૂટથી થાય છે. ખાસ કરીને શાકમાર્કેટના ફેરીયાઓ તેનો વપરાશ ખુબ જ કરે છે. મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટીકની થેલીઓને જપ્ત કરી દંડ વસુલવાની કામગીરી શરૂ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સે. ૩-ન્યુ ખાતે તુલસીવિવાહની ભવ્ય ઉજવણી

સેક્ટર-૩-ન્યુ શિવશક્તિ મંદિરે તુલસીવિવાહનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં લક્ષ્મીનારાયણ (કૃષ્ણ) માતા-પિતાના યજમાન ગૌરીબેન અને જીવણભાઈ ભરવાડ પરિવાર તથા તુલસીમાતાના કન્યાદાન વિમળાબેન અને વિનુભાઈ પારેખ યજમાનપદે રહ્યા હતા. આ વિવાહ લગ્નવિધિ જીગ્નેશભાઈ જોશી દ્વારા કરાવવામાં આવી હતી. જેમાં સેક્ટરના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી ધાર્મિક પ્રસંગને દીપાવ્યો હતો.

૨૦૨૨ની ચૂંટણી સંદર્ભે મતદારયાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. ન્યુ ગાંધીનગરમાં સામેલ થયેલ કુડાસણ વિસ્તારમાં મતદારયાદી સુધારણાનું કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. વસાહતીઓ તેનો મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

ગુજરાત વિધાનસભા ખાતે નહેરુની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૧૪

બુદ્ધિશાળી વ્યક્તિત્વ, કોમળ હૃદય અને નિખાલસ

સ્વભાવ જેવા ગુણો ધરાવતા પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૨મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતે તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલે કહ્યું કે પંડિત જવાહરલાલ નહેરુએ ઝડપી આર્થિક વિકાસ દ્વારા સામાજિક ન્યાય હાંસલ કરવા, સંપત્તિની ન્યાયિક વહેંચણી કરવા અને સમાનતા વધારવા અથાક પ્રયત્નો કર્યા હતા.

આ પ્રસંગે વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરી તેમના જીવનના આઝાદીકાળ સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કર્યા હતા.

રાજ્યમાં કોરોનાના નવા ૨૬ કેસ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં કોરોના કેસની સંખ્યા રોજ વધતી ઘટતી જઈ રહી છે. રાજ્યમાં કોરોનાના નવા ૨૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યા છે. જેના કારણે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ વધીને ૯૮.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૩૦ ગુજરાતી નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. બીજી તરફ કોરોનાને મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં ૧,૫૯,૩૯૮ નાગરિકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં કેસો ઘટ્યા છે પરંતુ અમદાવાદમાં કેસોનો વધારો થયો છે જે સરકારનું ટેન્શન વધારી રહી છે. હાલમાં રાજ્યમાં કુલ ૨૩૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે.

ખૂણેખાંચરેથી

- દહેગામ તાલુકાના નવા થાંભલિયા ગામે આજે જિલ્લા પશુપાલન તંત્રની ટીમ પહોંચી હતી અને કેટલાક બિમાર પશુધનના લોહીના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલ્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં દિપાવલી પર્વ પછી આજે સૌથી ઓછુ વેક્સિનેશન થવા પામ્યુ છે.
- ૧૫ થી ૨૧ નવે. દરમ્યાન નવજાત જન્મેલ શિશુ સંભાળ સપ્તાહની વિશેષ ઉજવણી આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવશે.
- ટી-૨૦ વર્લ્ડકપની આજે ફાયનલને લઈ ક્રિકેટ રસિયાઓમાં શરતો લાગી હોવાની વાતો સાંભળવા મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- લોહાણા મહા પરિષદની સ્થાયી સમિતિ પૈકી જીવદયા સમિતિના ઉત્તર ગુજરાત ઝોના ગાંધીનગર રિજીયોનના રીજનલ અધ્યક્ષ તરીકે ગાંધીનગરના વિનોદ ઉદેચાની નિયુક્તી કરવામાં આવી છે.
- હિન્દી સંસ્થાન લખનૌ ઉત્તરપ્રદેશ દ્વારા સાહિત્યિક સહાર્દ એવોર્ડ માટે ગાંધીનગરના ડૉ. જશભાઈ પટેલની પસંદગી કરાઈ છે. ડૉ. પટેલ મૂળ કાલસરના વતની અને હાલ ગાંધીનગરમાં સ્થાયી થયા છે.
- આજથી રાજયભરમાં ગ્રંથાલય સપ્તાહની ઉજવણીનો આરંભ થયો છે.
- શાકભાજીના ભાવ પુનઃ વધતાં ગાંધીનગરાઓનું બજેટ ખોરવાયુ છે.
- આજે દેવઉઠી એકાદશીને લઈ જિલ્લાના વિવિધ મંદિરોમાં તુલસીવિવાહની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી.

ગુજરાત સાયન્સ સિટી ખાતે બાળ દિવસની ઉજવાયો

બાળકોના અધિકારો, સંભાળ અને શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા માટે દર વર્ષે સમગ્ર ભારતમાં બાળ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને યાદગાર બનાવવા ગુજરાત સાયન્સ સિટી દ્વારા બાળકો માટે ખાસ ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઘણા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેઓ અભિભૂત થયા અને દિવસનો આનંદ માણ્યો હતો.

થ્રી-ડી એનિમેશનમાં 'સ્વામિનારાયણ રાસ ભાગ -૧ 'નું વડતાલધામ ખાતે વિમોચન કરાશે

વડોદરાના કારેલીબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરના જ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી તથા કુંડળધામ દ્વારા ૭૦ થી ૭૫ સંતો - હરિભક્તોની ટીમે સતત એક વર્ષ સુધી કાર્યરત રહી રાસ તૈયાર કર્યો

ગાંધીનગર, તા.૧૪

વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ તથા કુંડળધામના પ્રણેતા જ્ઞાનજીવનદાસજી સ્વામી વગેરે વરિષ્ઠ સંતોના હસ્તે તા. ૧૫ નવેમ્બરે વડતાલધામના કાર્તિકી સામૈયામાં રાત્રે ૯ કલાકે રાસના પ્રથમ ભાગનું વિમોચન થશે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૦૦વર્ષ પૂર્વે પોતાના નંદસંતો સાથે લીધેલા અલૌકિક રાસને સુપ્રસિદ્ધ તીર્થ કુંડળધામના પ્રણેતા પૂજ્ય શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી થ્રી - ડી એનિમેશનમાં કંડારવામાં આવેલ છે. ૮ મિનિટ અને ૩૦ સેકન્ડના આ થ્રી - ડી એનિમેશન સ્વામિનારાયણ રાસ ' ભાગ ૧નું ભવ્ય વિમોચન તા.૧૫મી નવેમ્બરે વડતાલધામ ખાતે રાત્રે ૯ કલાકે દબદબાપૂર્વક કરવામાં આવશે.

પરમ પૂજ્ય શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી ૭૦-૭૫ સંતો - હરિભક્તોની ટીમ દ્વારા સતત એક વર્ષથી કારેલીબાગ શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે આવેલા દિવ્યતા થ્રી - ડી એનિમેશન સ્ટુડિયોમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના ભવ્ય રાસનું નિર્માણ કાર્ય થઈ રહ્યું હતું. ભગવાન અને સંતો - ભક્તો દ્વારા રમાયેલા આ રાસને આબેહૂબ કંડારવા માટે સંપ્રદાયના ૧૦૦ જેટલા વિવિધ ગ્રંથો અને સાહિત્યમાંથી સંશોધન કરી રાસને પૂરી પ્રામાણિકતા પ્રાપ્ત થાય એવી સંપૂર્ણ વિગતો પૂજ્ય શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ સંતોની ખાસ ટીમ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી અને સંશોધનના આધારે લગભગ કુલ ૨૨ જેટલા સ્થળોએ સ્વામિનારાયણ ભગવાને રાસ લીધેલો જણાય છે તેમાંથી આ ' સ્વામિનારાયણ રાસ લ્ર ભાગ – ૧ માં કુલ ૬ ગામોના નવ રાસનો સમાવેશ કરાયો છે. બાકીના ગામોમાં લીધેલ રાસનો આગળના ભાગ - ૨ તથા ૩ માં સમાવેશ કરાશે. ખાસ આ ' સ્વામિનારાયણ રાસલ્રની હિન્દીમાં પદરચના ગ્રંથોમાંથી મળતી વિગતો મુજબ પૂજ્ય શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ જ કરી છે આબેહુબ તૈયાર કરાયેલા થ્રી - ડી એનિમેશન સ્વામિનારાયણ રાસ'ના પ્રાથમ ભાગનું વિમોચન તા.૧૫ મી નવેમ્બરે વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા પૂજ્ય શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી વગેરે સંપ્રદાયના વરિષ્ઠ સંતોના હસ્તે કરવામાં આવશે અને ટેકનોલોજીના માધ્યમે ઓનલાઈનથી જોડાયેલા દેશ - વિદેશના હજારો દર્શકો પણ સ્વયં આ રાસનું એ જ સમયે વિમોચન કરી શકે એવી સુવિધા કરવામાં અવી છે .

જાણીતા ગાયકોના કંઠ સાથે ૪ મહીનાની જહેમત લાગી

આ થ્રી - ડીજી એનિમેશનમાં તૈયાર થયેલ ' સ્વામિનારાયણ રાસ ' ભાગ - ૧ ની કામગીરી એક વર્ષ સુધી ચાલી હતી. એનિમેશનના રેન્ડરીંગ માટે સતત ૪ મહિના સુધી ૨૦૦ ઉપરાંત કોમ્પ્યુટરનો ઉપયોગ કરાયો છે . આ 'સ્વામિનારાયણ રાસલ્રમાં ૨૩૫૦ યુનિક કેરેક્ટર્સ અને થ્રી - ડી માટે ૨,૫૦,૦૦૦ લાઈટ વપરાઈ છે . જુદા જુદા ૧૮૦૦ પ્રકારના વસ્ત્રો અને જુદા જુદા ૧૫૦ પ્રકારના દાગીનાઓનો ઉપયોગ કરાયો છે. આ ' સ્વામિનારાયણ રાસ ' ભાગ - ૧માં જ્ઞાનજીવનદાસજી સ્વામીએ આપેલા સ્વર ઉપરાંત ભારતના સુપ્રસિદ્ધ ગાયકો શાન, દલેર મહેંદી, પાર્થીવ ગોહિલ, કીર્તિદાન ગઢવી, કરશન સાગઠિયા, નારાયણ ઠાકર, ગોવિંદા સરકાર વગેરે આર્ટીસ્ટોએ પોતાનો કંઠ આપ્યો છે. રાસના આ કીર્તનનું રેકોર્ડિંગ - મિક્સિંગ મુંબઈના સુપ્રસિદ્ધ સ્ટુડિયો યશરાજ, સેવનહેવન, ટ્રીયો, ટ્રીનિટી, એ.બી. અને શ્રી સ્વામિનારાયણ મંદિર , કુંડળધામના 'ટપુ' તથા કારેલીબાગના 'ભજન' સ્ટુડિયોમાં કરવામાં અવેલ છે.

ઝુંડાલ ખાતે કાનુની માર્ગદર્શન શિબિરનું આયોજન

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત નાગરિકોના મનમાં કાનૂની સેવાઓ અંગે જાગૃતિ ફેલાવી શકે તે માટે તથા ગરીબ લાભાર્થીઓને કાનૂની સહાય પૂરી પાડવાના હેતુ સાથે ગાંધીનગર સ્થિત સિદ્ધાર્થ લો કોલેજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી તા.૧૩મી નવેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ખાતે રામદેવપીર મંદિર પાસે કાનૂની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાનૂની નિષ્ણાત સિદ્ધાર્થ લૉ કોલેજના આચાર્ય ડૉ.દિલીપ મેવાડા, પ્રો. સોનલ મેવાડા તથા સંસ્થાના હેડ ક્લાર્ક બી.એસ.શીખ ઉપરાંત એડવોકેટ વિપુલ વાઘેલા તેમજ જય મહેતા ઉપસ્થિત રહ્યા હતા.